# સમાજ કેવા કુલપતિ ઈચ્છે છે ?

શિક્ષણના મુખ્ય ત્રણ ક્ષેત્રો ગણાય છે. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ. જેમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અને પરીક્ષણનું કામ જી.સી.ઇ.આર.ટી. કરે છે અને વહીવટી સંચાલન માટે રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક છે, જ્યારે માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અને પરીક્ષણ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ છે અને વહિવટી સંચાલન માટે કમિશ્નર કચેરી છે. તો ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અને પરીક્ષણ માટે યુનિવર્સિટી છે, તો વહીવટી સંચાલન માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર છે. શિક્ષણના આ ત્રણે ક્ષેત્રની આગવી વિશષેતાઓ છે. એકપણ ક્ષેત્રમાં રહેલી નબળાઇ સમાજ માટે નુકશાનકારક જ છે.

વાત કરીએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સમગ્ર દેશમાં કેટલીક બાબતો કે નીતિનો એક સમાન અમલ થાય તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દેશમાં આવેલ તમામ યુનિવર્સિટીઓને માર્ગદર્શન પૂરૂં પાડે છે. રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના શૈક્ષણિક વડા કે નેતા એટલે વાઇસ-ચાન્સેલર - કુલપતિ અને વહીવટી વડા એટલે રજિસ્ટ્રાર. માટે તો યુનિવર્સિટીના દરેક પત્રમાં રજિસ્ટ્રારની સહી હોય છે. કુલપતિની ભૂમિકા શું હોવી જોઇએ ? આજે સમાજ તેમની પાસે કઇ અપેક્ષા રાખે છે ? આમ તો કેટલાક લોકોની માન્યતા એવી છે કે, યુનવર્સિટીના મુખ્ય ત્રણ કામ. પ્રવેશ, પરીક્ષા અને પરિણામ. જો આ ત્રણમાં સફળતા મળે કે સરળ રીતે પૂર્ણ થાય તો યુનિવર્સિટીની કામગીરી સફળ. પણ આ માન્યતા ખોટી છે. યુનિવર્સિટીએ કરવાના મહત્ત્વના ત્રણ કામ સંશોધન, શિક્ષણ અને સમાજની જરૂરિયાત મુજબ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત માનવીયબળ પૂરૂં પાડવું. વિદ્યાર્થી રોજીરોટી મેળવી શકે અને સમાજ-દેશના વિકાસમાં ફાળો આપી શકે તેવા નાગરિક તૈયાર કરવા. આજનો સમાજ વિચારે છે કે, ગુજરાતમાં આવેલી તમામ યુનિવર્સિટીઓ મહત્ત્વના આ કામ પૂર્ણ કરે છે ? હા... શિક્ષણને લગતા કામને પ્રાધાન્ય આપવામાં આવે છે, છતાં મોટાભાગના કોલેજ કેમ્પસ તો ખાલી જ જોવા મળે છે ! આજની યુનિવર્સિટીઓની જો કોઇ સૌથી મોટી નબળાઇ સમાજ સામે આવી હોય તો તે છે શિક્ષણ સિવાયના ક્ષેત્રો સંશોધન, સમાજની જરૂરિયાત મુજબનું માનવીય પરિબળ પૂરૂં પાડવું, વિયર્થીને સારો નાગરિક બનાવવો અને રોજીરોટી મેળવી શકે તેવો તૈયાર કરવો. આજે યુનિવર્સિટીઓના શૈક્ષણિક વડા એવા કુલપતિઓ પાસે સમાજની ઉપરોક્ત મુખ્ય અપેક્ષાઓ છે. કુલપતિ શૈક્ષણિક રીતે સવાયો નેતા હોવો જોઇએ. જેથી કરીને યુનિવર્સિટીમાં આવેલી કોલેજોના અધ્યાપકો અને આચાર્યને તે શૈક્ષણિક રીતે પૂરતું માર્ગદર્શન પૂરૂં પાડી શકે. કુલપતિ અન્ય કરતાં સવાયા હશે તો જ અન્ય શૈક્ષણિક સ્ટાફ કુલપતિને આદરની નજરે જોશે અને તેમના નિર્ણયોને માન આપશે. સમાજ માટે આજની અને ભવિષ્યની જરૂરિયાત પૂરી પાડી શકે તેવા કૌશલ્ય અને ક્ષમતા ધરાવતું માનવીય બળ તૈયાર કરવાની જવાબદારી પણ યુનિવર્સિટીની જ ગણાય. આ માટે વિવિધ નવા અભ્યાસક્રમો ઊભા કરી તે માટેની પૂરતી વ્યવસ્થા-સગવડતાની જવાબદારી અદા કરી શકે તેવા કુલપતિ હોવા જોઇએ.

યુનિવર્સિટીનું કામ માત્ર પ્રવેશ, પરીક્ષા અને પરિણામ જ જો હોય તો આ કામની ગોઠવણ એમ.બી.એ. થયેલ બે-ત્રણ વિદ્યાર્થીને સોંપવામાં આવે તો પણ તે તેની ગોઠવણ કરી શકે. આ માટે શૈક્ષણિક ઉચ્ચ લાયકાત ધરાવતા એવા કુલપતિની જરૂર નથી. કુલપતિ બિનવિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા હોવા જોઇએ. જેમની પ્રતિમા કરતાં પ્રતિભા ઉંચ્ચ હોવી જોઇએ. જેથી માત્ર અધ્યાપકો જ નહીં, વિદ્યાર્થીઓ પણ તેમની સામે નતમસ્તકે આદર સાથે આવે અને જાય. આજે ઘણીવાર વિદ્યાર્થીઓ કુલપતિની ઓફિસમાં ઘૂસી જાય અને સૂત્રોચ્ચાર કરે કે અપશબ્દો બોલે વગેરે સામાન્ય ઘટનાઓ બનતી જાય છે. જે ભવિષ્ય માટે સારી નિશાની નથી. કુલપતિ એવા હોવા જોઇએ કે વિદ્યાર્થીઓ આવા વર્તની તો દૂર જ રહે પણ સાથે ગુરુભાવનાથી કુલપતિ પાસે આવે. આમછતાં જ્યારે આવા બનાવો બને છે ત્યારે વાલીઓએ પણ પોતાના બાળકોને સાચી દીશા આપવી જોઇએ અને હલકાં ગણાતાં કામથી

દૂર રહેવાની સલાહ આપવી જોઇએ.વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને, તટસ્થ રીતે નિર્ણય લેવાની ઇચ્છા,આવડત અને શક્તિ કુલપતિમાં હોવા જોઇએ. યુનિવર્સિટીના તમામ માનવીય પરિબળોનો વિકાસ થાય તેવા સતત પ્રયત્નો કુલપતિ કરતા હોવા જોઇએ. પછી તે સેવક ભાઇઓ હોય કે અધ્યાપક હોય કે કારકૂન હોય. યુનિવર્સિટીનું વ્યવસ્થાતંત્ર એવી રીતે ગોઠવવાની આવડત હોય કે જેથી ગુણવત્તામાં સતત વધારો થાય અને સમય-નાણાંની બચત પણ થાય.

“જેવો નેતા તેવી પ્રજા” ઉક્તિ મુજબ યુનવર્સિટી કક્ષાએ કુલપતિ હોય કે જે તે ફેકલ્ટીના ડીન હોય. જે અન્ય સિનિયર ગણાતા અધ્યાપકો કરતાં શૈક્ષણિક રીતે સવાયા હોવો જ જોઇએ. નહીં તો તેમણે લીધેલા નિર્ણયો સિનિયર અધ્યાપકો ઝડપથી સ્વીકારશે નહીં. એટલું જ નહીં શૈક્ષણિક રીતે પૂરતો અનુભવ અને આવડત ન ધરાવતા લોકોને જ્યારે આવા પદ સોંપવામાં આવે છે ત્યારે શૈક્ષણિક સમાજ નિમણૂંક કરનારની સામે શંકાની નજરે જૂએ છે. એટલું જ નહીં પૂરતા અનુભવ અને શૈક્ષણિક લાયકાત વગરના લોકો કેવા નિર્ણયો લેશે ? કોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેશે ? પરિણામ સ્વરૂપ ગુણવત્તા કથળશે, વિકાસ અવરોધાશે, વિદ્યાર્થી અને સમાજને નુકશાન જશે. શૈક્ષણિક કામ કરતા લોકોના આત્મવિશ્વાસમાં સતત ઘટાડો થશે. તેઓ પણ વિદ્યાર્થી માટે નહીં, પણ પગાર મેળવવા માટે કામ કરતા થઇ જશે.

આજનો સમાજ સૌથી વધારે દુ:ખી હોય તો તે શિક્ષણમાં પ્રવેશેલા રાજકારણથી છે. તેમાં પણ એવું કહેવાય છે કે, યુનિવર્સિટીઓનું રાજકારણ ખૂબ જ ગંદું છે. યુનિવર્સિટીમાં વિવિધ કામનું નેતૃત્વ કરતા લોકો આ રાજકારણથી ઊંચા આવે તો શૈક્ષણિક સુધારા કે વિકાસ માટેનો સમય ફાળવી શકે ને ? માટે જ સમાજની સાચા દિલની માંગણી અને લાગણી છે કે, “હે.... યુનિવર્સિટીના નેતાઓ, મહેરબાની કરીને શિક્ષણમાં રાજકારણ ન લાવો. તમે શૈક્ષણિક કામ કરવા આવ્યા છો તો તે કામ મન મૂકીને કરો. અમે મોટા વિશ્વાસ અને અપેક્ષા સાથે અમારા બાળકોને તમારી પાસે શિક્ષણ લેવા અને સારો નાગરિક બનાવવા માટે મોકલીએ છીએ, તો અમારી આ અપેક્ષાઓ સંતોશો અને અમારા વિશ્વાસને ન તોડો.”

આ લેખકના ભૂતપૂર્વ કુલપતિઓ સાથેના બે અનુભવો. પી.સી.વૈદ જ્યારે કુલપતિ હતા ત્યારે વાહન તરીકે સાયકલનો ઉપયોગ કરતા હતા. આ લેખક તે વળતે માંડ અઢાર વર્ષના. પ્રાથમિક શાળામાં નોકરી કરતા. એક વાર ગણિતના કોઇ મુદ્દાની સમજમાં સમસ્યા ઊભી થઇ. સ્ટાફમાં ચર્ચા કરી, સંતોષ ન થયો. અંતે પી.સી.વૈદનો સંપર્ક કર્યો. તેમણે લેખકને પોતાના ઘેર બોલાવ્યા અને લગભગ પોણો કલાક સુધી ગાણિતિક ચર્ચા કરીને લેખકની સમસ્યાનું સમાધાન કર્યું. તો વળી બીજા એક કુલપતિના સમયગાળામાં એક પરીક્ષામાં એક વિદ્યાર્થી દરરોજ ચોરી કરે છે તેવી વાત લેખકને મિત્રએ કરી. લેખકે રાત્રે નવ-દસ વાગે કુલપતિના ઘેર ફોન કર્યો. કુલપતિ મુંબઇ ગયા હતા. ફોન તેમના પત્નીએ ઉપાડયો. પૂછયું કે શું કામ હતું. લેખકે જણાવ્યું કે આ રીતે એક વિદ્યાર્થી દરરોજ ચોરી કરે છે. પરિણામ એ આવ્યું કે, બીજા દિવસે ચોરી કરનાર વિદ્યાર્થીને પકડયો. સુરતના અત્યારના કુલપતિનું કામ લોકો વખાણે છે. સમાજની ભાગદારીથી યુનિવર્સિટીના વિકાસનો તેમનો અભિગમ આકર્ષક બન્યો છે. તેમજ લોકોના હ્દયમાં યુનિવર્સિટી પ્રત્યે ભાવ અને લાગણી ઊભી કરવાની તેમની મથામણ વખાણાઇ છે. સમાજે એ પણ વિચારવું પડશે કે કુલપતિ પણ માનસ છે. તે સમાજમાં રહે છે. સમાજમાં આવેલ પરિવર્તનની અસર તેના પર પણ થાય. કુલપતિને પણ વ્યક્તિ હોવાના નાતે પોતાનું અંગત જીવન અને નીતિ-રીતિ હોઇ શકે. તે ધ્યાને લઇ કુલપતિના વૈયક્તિક જીવનને પ્રાધાન્ય ન આપતા, યુનિવર્સિટીમાં કરતા કામને જ પ્રાદાન્ય આપવું જોઇએ.

અંતે, ગુજરાત રાજ્યમાં વિવિધ યુનિવર્સિટીઓના ભૂતપૂર્વ કેટલાક કુલપતિઓને યાદ સાથે સલામ. ઉમાશંકર જોષી, પી.સી.વૈદ, ભિખુભાઇ પારેખ, ઉપેન્દ્ર બક્ષી, ઇશ્વરભાઇ પટેલ, ડોલરભાઇ માંકડ, આર.એસ.ત્રિવેદી, વિદ્યુત જોષી, નિરંજન દવે, કુલિનચંદ્ર યાજ્ઞિક.